Letter No: SJED/0211/10/2023 Dt: 13-10-2023

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને

આર્થિક વિકાસ નિગમની લોન યોજનાઓનાં

અમલીકરણની કામગીરી અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના જિલ્લા નાયબ નિયામકને સોંપવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2023/2900/A-1

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધું:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦-૦૯-૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫-૦૮-૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ-૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦-૦૮-૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૫૦૮૫૮૨/અ

(૪) નિયામક, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૧-૦૯-૨૦૨૩નો પત્ર ક્રમાંકઃ વિજાક/વહટ/૨૦૨૩-૨૪/૯૩૯-૪૦

(૫) મેનેજીંગ ડિરેક્ટર, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો તા.૨૦-૦૯-૨૦૨૩નો પત્ર ક્રમાંકઃ બિનિ/વહટ/૨૦૨૩-૨૪/૪૫૨૨

**<u>પ્રસ્તાવના:</u>**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના તા.૩૦-૦૯-૨૦૧૭નાં ઠરાવથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. આ ઠરાવથી નિગમના વિવિધ ઉદ્દેશોમાં બિન અનામત વર્ગો/જાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે નિગમે યોજનાઓ બનાવી તેનો અમલ કરવાનો રહે છે. જે માટે આ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૨) સામેના તા.૧૫/૦૮/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની ધિરાણ યોજનાઓ જેવી કે, વિદેશ અભ્યાસ લોન, શૈક્ષણિક અભ્યાસ લોન, સ્વ-રોજગારલક્ષી લોન યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે. તેમજ આ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૩) સામેનાં તા.૩૦-૦૮-૨૦૧૮નાં ઠરાવ મુજબ હાલ નિગમની લોન યોજનાઓનું અમલીકરણ ૧૮ જિલ્લાઓમાં અનુસુચિત જાતિ વિકાસ નિગમ હેઠળના જિલ્લા ખાતેના જીલ્લા મેનેજર મારફત અને ૧૫ જિલ્લાઓમાં નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળનાં જિલ્લા નાયબ નિયામક (વિ.જા.ક.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.ક.) મારફત કરવામાં આવી રહ્યું છે. હાલ નિયામક, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલા ક્રમાંક: (૪) સામેનાં તા.૨૧-૦૯-૨૦૨૩નાં પત્રથી અને મેનેજીંગ ડિરેક્ટર, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલા ક્રમાંક: (૫) સામેનાં તા.૨૦-૦૯-૨૦૨૩ના પત્રથી નિગમની લોન યોજનાઓનું અમલીકરણ અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના જિલ્લા નાયબ નિયામક (અ.જા.ક) ને સોંપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

Signature Not Verified
Signed by:R. J. Kharadi
Deputy Secretary
Date: 2023.10.13
17:32:25 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

<u>ઠરાવ:</u>

૧. પુખ્ત વિચારણાને અંતે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની લોન યોજનાઓનાં અમલીકરણની કામગીરી અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના જિલ્લા નાયબ નિયામક (અ.જા.ક) ને સોંપવામાં આવે છે.

૨. અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના જિલ્લા નાયબ નિયામક (અ.જા.ક) એ ઉક્ત લોન યોજનાઓનાં અમલીકરણ માટે વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને ક્રમાંક: (૨) ના ઠરાવની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૩. ઉક્ત લોન યોજનાઓની અરજીઓ/દરખાસ્તો અંગે જિલ્લા કક્ષાએ નિર્ણય લેવાની સત્તા સોંપણીના કારણે ઉભી થતી નવી પરિસ્થિતિમાં ઉદ્ભવતી પ્રક્રીયાત્મક મુશ્કેલીઓનું નિવારણ જિલ્લા નાયબ નિયામક (અ.જા.ક) એ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનાં પરામર્શ અને માર્ગદર્શન પ્રમાણે કરવાનું રહેશે.

૪. અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના જિલ્લા નાયબ નિયામકે તેમની વર્તમાન જવાબદારીઓ ઉપરાંત વધારાની જવાબદારી તરીકે સોંપેલી જવાબદારી નિભાવવાની રહેશે. આ હેતુ માટે તેમના તાબા હેઠળના સ્ટાફની પણ સહાય લેવાની રહેશે. બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની ક્ષેત્રિય કામગીરી અન્વયે તેઓએ મેનેજીંગ ડીરેકટર, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના તાબામાં કામગીરી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ની તા.૦૩-૧૦-૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આર. જે. ખરાડી)**
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, બ્લોક નં.૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ, (નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ મારફત).
- સેકશન અધિકારીશ્રી (અ/જ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઇલ

Signature Not Verified
Signed by:R. J. Kharadi
Deputy Secretary
Date: 2023.10.13
17:32:25 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign